આકાશવાણી ભુજ

સમાચાર વાચક : શીતલ વૈષ્ણવ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-21-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# આરોગ્ય વિભાગ માટે ભરતીની જાહેરાત

GPSCના ચેરમેન હસમુખ પટેલે ગઈકાલે આરોગ્ય વિભાગ માટે સૌથી મોટી ભરતી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આરોગ્ય વિભાગમાં બે હજાર કરતાં વધુ જગ્યાઓ ઉપર ભરતી કરાશે. જે અંતર્ગત તબીબી અધિકારી વર્ગ -2 માટે 1 હજાર 506 જગ્યા, જનરલ સર્જન તજજ્ઞ માટે 200, ફિઝિશિયન તજજ્ઞ માટે 227, ગાયનેકોલોજિસ્ટ માટે 273, તથા વીમા તબીબી અધિકારી માટે 147 જગ્યા સહિત 2 હજાર 804 જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પૂરતા ઉમેદવારો મળ્યા ન હોવાનાં કારણે જગ્યા ભરાઈ ન હતી, જેથી અત્યારે આ ભરતી બહાર પાડવામાં આવી છે.

નોંધનીય છે કે અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઉમેદવારી કરી શકશે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

## રાજ્યપાલ: પ્રાકૃતિક કૃષિ સખી

ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મિશનમાં સક્રિયતાથી સહભાગી થવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અનુરોધ કર્યો છે. મધ્ય ગુજરાતના 10 જિલ્લાઓની 700 જેટલી પ્રશિક્ષિત પ્રાકૃતિક કૃષિ સખી મહિલાઓને સંબોધતા રાજ્યપાલે જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિએ પરમાત્માની પ્રકૃતિ માટેનું પોષણ અભિયાન છે. વધુમાં તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારના પ્રયાસોથી દસ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે.

ગુજરાતમાં 11 હજાર 160 ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિસરની સઘન તાલીમ આપીને 'પ્રાકૃતિક કૃષિ સખી' તરીકે તૈયાર કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ સખી પોતપોતાના ગામમાં અન્ય મહિલાઓને પ્રાકૃતિક કૃષિ કરવાની પ્રેરણા અને તકનિકી માર્ગદર્શન આપશે.

**RNU અમદાવાદ**

---

RNUBHUJ

## M.P.ના મુખ્યમંત્રી ગુજરાતની મુલાકાતે

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ તથા તેમનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની બે દિવસીય મુલાકાતે છે.

તેઓ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં-ઉર્જા મંત્રી કનુ દેસાઈને મળ્યા હતા. જ્યાં તેમને ગુજરાતના વિકાસના નવતર આયામોથી માહિતગાર કરાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીના દૂરદર્શી નિર્ણયથી ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા સક્ષમ બન્યું છે.

**RNU અમદાવાદ**

---

## શાળા પરિવહન યોજના

રાજ્યમાં ધોરણ 8 પછી વધતા જતા ડ્રોપ આઉટ રેશિયોને નાથવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળા પરિવહન યોજના લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિધાર્થીના રહેણાકથી સરકારી અથવા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પાંચ કિલોમીટરની ત્રિજ્યાથી દૂર હોય તો તેવા વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવા પાત્ર રહેશે. રાજ્યમાં ધોરણ 8 પછી 21 ટકાથી વધુ બાળકો શાળા છોડી જતા હોવાનું ધ્યાને આવતા સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

**N.P/શીતલ વૈષ્ણવ**

---

## ગાંધીધામ- B.I.S

બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ ગાંધીધામ શાખા કચેરીએ ગઈકાલે ગાંધીધામ ખાતે મીડિયા કનેક્ટ કાર્યક્રમ યોજ્યો હતો. આ ઈવેન્ટનો હેતુ BIS પ્રવૃત્તિઓ, ભૂમિકાઓ અને જવાબદારીઓ તેમજ પ્રોડક્ટ માટે ISI ચિહ્ન, ઈલેક્ટ્રોનિક સામાન માટે CRS ચિહ્ન અને સોના અને ચાંદીના ઘરેણાં માટે હોલમાર્ક સહિત વિવિધ પ્રમાણો મહત્વપૂર્ણ છે તેના વિશે જાણકારી આપવાનો હતો.

ઉલ્લેખનીય છે કે, ઉચ્ચ ગુણવત્તાયુક્ત સ્ટાન્ડર્ડ જેમ કે, ISI, BIS હોલમાર્ક, CRS જેવા લોગો સાથેના પ્રોડક્ટ લોકો ખરીદે અને તેને લઈને જનજાગૃતિ વધે તે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય હતો.

મા.ખાતુ

---

## ખેડૂતો દ્વારા કોરવાણની પ્રક્રિયા

શિયાળુ ખરીફ પાકના વાવેતરમાં થોડા વિલંબ બાદ હવે અનુકૂળ વાતાવરણ સર્જાતાં ખેડૂતો દ્વારા કોરવાણ પ્રક્રિયા કરાઇ હતી. દિવાળી પર્વ સુધી સતત વિષમ વાતાવરણને કારણે ખરીફ પાકના વાવેતરમાં વિલંબ થયો છે. વર્તમાન આઠેક દિવસથી શિયાળુ પાકના વાવેતર માટે અનુકૂળ વાતાવરણથી ખેડૂતોએ વાડી - ખેતરના ઠામોમાં જીરૂ, ઘઉં, રાયડો, રાઇ, ઇસબગુલ વિગેરે પેદાશો માટે તૈયારીનાં પગલે વાડીના ઠામોમાં ક્યારા કરી તેમાં પાણી મૂકી કોરી જમીનને ભીની કરવા કોરવાણની પ્રક્રિયા કરી હતી.

N.P/શીતલ વૈષ્ણવ

---

# હવામાન વિભાગની આગાહી

રાજ્યમાં આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો સહિતના તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા દર્શાવાઈ છે. ત્યારે રાજ્યમાં સર્વાધિક ઠરતાં કચ્છી કાશ્મીર નલિયામાં ગઈકાલે તાપમાન ગગડીને 14.1 ડિગ્રીએ પહોંચતાં ટાઢોડાંની અસર વર્તાઈ હતી. તો 14.૫ ડિગ્રીએ કંડલા એરપોર્ટ બીજા ક્રમનું ઠંડું મથક બન્યું હતું. જિલ્લા મથક ભુજમાં લઘુતમ પારો 18 ડિગ્રીના આંકે સ્થિર રહ્યો હતો, પણ પ્રતિ કલાક છ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા પવને મોડી સાંજ પછી ઠંડીની ચમકનો શહેરીજનોને અનુભવ કરાવ્યો હતો. સવારે શાળાએ જતાં બાળકો અને અન્ય લોકો ગરમ કપડાંમાં સજ્જ જોવા મળ્યા હતા. અંજાર - ગાંધીધામ વિસ્તારમાં 14.૫ ડિગ્રીએ વર્તમાન શિયાળાનો સૌથી ઠંડો દિવસ અનુભવાયો હતો.

**N.P/શીતલ વૈષ્ણવ**

---

RNUBHUJ